દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ,

સુરત–૭.

સિન્ડિકેટ અને નાણાંસમિતિની સયુકત સભા

તા.૨૭–૧૧–૨૦૦૩

ખાનગી

ફકત સભ્યોની જાણ માટે

–: કાર્યવાહી :–

સિન્ડિકેટ અને નાણાંસમિતિની સયુકત સભા ગુરુવાર, તા: ૨૭ –૧૧–૨૦૦૩ના રોજ બપોરે ૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કમિટિ ખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઇ સનાઢય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઇ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઇ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દૌલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઇ દેસાઇ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઇશ્વરલાલ આફ્રિકાવાલા | ગેરહાજર |
| ૧૫ | શ્રી હર્ષદભાઇ પ્રભુદાસ શાહ | હાજર |

(૧) કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે ફાળવેલા દસ લાખ રૂપિયાનાં ઈકવીપમેન્ટ ખરીદવા અંગે ટેન્ડર નોટિસ દ્વારા મળેલા ભાવો અંદાજે રૂપિયા ૧૦,૨૫,૦૦૦/–નાં ઈકવીપમેન્ટ ખરીદવા માટેના ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત. (કેમેસ્ટ્રી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માટે યુજીસી તરફથી દશમી પંચવર્ષીય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ દસ લાખ પચીસ હજાર રૂપિયાની ગ્રાંન્ટમાંથી નીચે જણાવેલ સાધનો તેની સામે બતાવેલ પાર્ટીના ભાવ વિવિધ પાર્ટીઓ પાસેથી મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા હોઈ, તેની સામે દર્શાવેલ ભાવમાં ઘટાડો કરાવવા પ્રસ્તુત પાર્ટી સાથે વાટાઘાટ કરવાની પ્રસ્તુત વિભાગના વડા અને કુલસચિવને સત્તા આપવી અને ઘટાડેલ ભાવે પ્રસ્તુત પાર્ટી પાસે સાધનો ખરીદવા:

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, Generator Set 25 KVA Kirloskar ના ટેન્ડર ફરીથી મંગાવી મંજૂર કરાવવાનું રાખવું.

| Sr. No. | Name of Equipment | Selected Tenderer's Name | Purchase Cost (in Rs.) |
|---|---|---|---|
| 1 | Microwave Synthesis System | M/s I.R. Technology Services Pvt. Ltd., Mumbai – 400 004 | 5,00,000=00 |
| 2 | Monopan Balance | M/s Scientific Trading Corporation, Ahmedabad. | 1,13,600=00 |
| 3 | Vacuum Rota Evaporator | M/s Chiron Instru. (India) Pvt. Ltd., Andheri, Mumbai. | 1,27,000=00 |

(૨) દશમાં પ્લાનની ઈકવીપમેન્ટ ગ્રાંટ હેઠળ ગણિતશાસ્ત્ર વિભાગ માટે કોમ્પ્યુટરની ખરીદી માટે તા.૧૨–૧૧–૨૦૦૩નાં રોજ આપવામાં આવેલ ટેન્ડર નોટીસનાં ફળસ્વરૂપે ૭–પાર્ટીઓનાં ભાવ મળ્યા છે. જેની ઉપર વિચારણા કરવા બાબત. (ગણિતશાસ્ત્ર)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગણિતશાસ્ત્ર વિભાગ માટે યુજીસી તરફથી દશમી પંચવર્ષિય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ માંથી કોમ્પ્યુટર ખરીદવા માટે વિવિધ પાર્ટીઓ પાસેથી મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર M/S HCL Infosystems Ltd., Vadodra પાસેથી નીચે દર્શાવેલ ભાવમાં ઘટાડો કરાવવા પ્રસ્તુત પાર્ટી સાથે વાટાઘાટ કરવાની પ્રસ્તુત વિભાગના વડા અને કુલસચિવને સત્તા આપવી અને ઘટાડેલ ભાવે પ્રસ્તુત પાર્ટી પાસે ગણિતશાસ્ત્ર વિભાગ માટે ૧૫ અને અંગ્રેજી વિભાગ માટે ૧૫ કોમ્પ્યુટર ખરીદવાનું રાખવું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Make: HCL<br><br>Model Infinity PRO | 27,900 | 27,900 | 27,900 | Validity : 90 days The maintenance/ service charges after the expiry of warranty will be 5% of the purchase order value. If the numbers of computers are increased, further negotiations are possible. Delivery in 2-3 Weeks | One Year from date of installation | Surat Area Office: 3rd Floor, Surya Complex, Nr. Jal Bhavan, Gujarat Gas Circle, Adajan Road, Surat-9 Ph:2680678, 2696941 |

(૩) બાયોસાયન્સ વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા દૈનિક વર્તમાનપત્રો, ગુજરાતમિત્ર, ટાઈમ્સ ઓફ ઈન્ડીયામાં જાહેરાત આપવામાં આવી હતી. વિભાગનાં રીસર્ચ કામ અંગે અતિ ઉપયોગી વૈજ્ઞાનિક સાધનો (૨) અંદાજીત રકમ કિંમત રૂ.૧૩ લાખના ઈમ્પોર્ટ કરવા અંગે વિચારણા કરવા બાબતની વિગતો નીચે મુજબ છે. (બાયોસાન્સ)

| | *Item* | *Name of Principal* | *Indian Agent* | *Amount* |
|---|---|---|---|---|
| 1 | $CO_2$ Incubator | 1. L/C in favour of M/s Kendro Laboratory GmbH-Germany | Surati Instrumetion, Mumbai | Euro 4850/-<br>Rs.2,57,050/- |
| (Exchange rate Euro – 1= Rs. 53/-) | | | | |
| 2 | Laboratory Fermenter | 1. L/c in favour of M/s. B. Braun Biothch International Ltd. Germany | Sartorius Mumbai | Euro16218/-<br>Rs.8,59,554/-<br>Acc. 93,790/-<br>India |
| | | | | 9,53,344/- |

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાયો–સાયન્સ વિભાગ માટે યુજીસી તરફથી દશમી પંચવર્ષીય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે વિવિધ પાર્ટીઓ પાસેથી મળેલ ટેન્ડરો અંગે નિષ્ણાંતનો અભિપ્રાય મેળવવો અને પ્રસ્તુત વિભાગના વડા અને કુલસચિવ પ્રસ્તુત બાબતે વાટાઘાટ કરી સિન્ડિકેટની વિચારણા માટે બાબત પુન: રજૂ કરવી.

(૪) આંકડાશાસ્ત્ર વિભાગ માટે દશમી પંચવર્ષીય યોજના હેઠળ ફાળવવામાં આવેલ ઈકવીપમેન્ટ ગ્રાન્ટ હેઠળ કોમ્પ્યુટર સર્વર ખરીદવામાં આવનાર છે. જે અંગે સમય મર્યાદાને ધ્યાનમાં લેતા પરીક્ષા વિભાગ ધ્વારા અપાયેલા પર્ચેસ ઓર્ડર ક્રમાંક: પરીક્ષા/કોમ્પ્યુટર/૬૭૧૫/ ૨૦૦૩ તા.૨૮–૭–૨૦૦૩માં જણાવેલ વર્ણન મુજબનું સર્વર તેવી જ શરતો મુજબ પુન:ખરીદવા માટે તે જ વિક્રેતા મે. ઈનોવેટીવ ટેલીકોમ એન્ડ સોફટવેર પ્રા. લીમીટેડ પાસેથી ઘટાડા સાથેના છેલ્લામાં છેલ્લા ભાવ મંગાવવામાં

આવેલ છે તે વિચારણામાં લઈ ઉપર મુજબનું સર્વર આ જ વિક્રેતા પાસે પુન: ખરીદવા માટે મંજુરી આપવા બાબત.

(આંકડાશાસ્ત્ર)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આંકડાશાસ્ત્ર વિભાગ માટે યુજીસી તરફથી દશમી પંચવર્ષિય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી સર્વર ખરીદવાનું હોવાથી પરીક્ષા વિભાગ ધ્વારા મે.ઈર્નોનેટીન ટેલીકોમ એન્ડ સોફ્ટવેર પ્રા.લીમીટેડ, સુરત પાસેથી રૂા.૧,૩૮,૯૦૦/– ની કિંમતનું તેવીજ શરતોએ ઘટાડેલા ભાવે રૂા.૧,૨૯,૯૦૦/– માં ઘટાડો કરાવવા પ્રસ્તુત પાર્ટી સાથે વાટાઘાટ કરવાની પ્રસ્તુત વિભાગના વડા અને કુલસચિવને સત્તા આપવી અને ઘટાડેલ ભાવે પ્રસ્તુત પાર્ટી પાસે સર્વર ખરીદવું.

(૫) એકવેટીક બાયોલોજી વિભાગ માટે વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે નવ પાર્ટીઓ પાસે ભાવપત્રક મંગાવવામાં આવેલ હતા. જેમાંથી ફક્ત બે (૨) પાર્ટીના ભાવપત્રકો આવેલ છે. તેમનો તુલનાત્મક પત્રક નીચે પ્રમાણે છે.

| Sr. No | Name of Item | Orbit Technologist Pvt. Ltd., Surat | P.P.Chemicals Surat |
|---|---|---|---|
| 1. | BOD Track Apprratus 110/230 VAC<br>Make HACH, USA<br>With accessories | Rs. 1,17,006/- | NQAS |
| 2. | BOD Incubator<br>110 Ltrs.<br>Make ORLAB<br>INDIA | Rs. 31,000/- | NQ |

તેમાંથી ઓછા ભાવપત્રકવાળી પાર્ટી ઓરબીટ ટેકનોલોજીસ્ટ પ્રા.લી. ભાવપત્રક નં.૧(૧) પાસેથી વૈજ્ઞાનિક સાધન ખરીદવા વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકવેટીક બાયોલોજી વિભાગ માટે યુજીસી તરફથી દશમી પંચવર્ષિય યોજના હેઠળ ઈકવીપમેન્ટ માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે બે પાર્ટીઓ પાસેથી મળેલ ભાવપત્રકો પૈકી ઓછા ભાવ ભરનાર પાર્ટી ઓરબીટ ટેકનોલોજીસ્ટ પ્રા.લી., સુરત પાસેથી નીચે દર્શાવેલ ભાવમાં વૈજ્ઞાનિક સાધન ખરીદવું.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, BOD Track Apprratus 110/230 VAC Make HACH, USA With accessories ના ટેન્ડર મંગાવી મંજૂર કરાવવાનું રાખવું.

| Name of Item | Orbit Technologist Pvt. |
|---|---|

| | |
|---|---|
| | Ltd., Surat |
| BOD Incubator<br>110 Ltrs.<br>Make ORLAB<br>INDIA | Rs. 31,000/- |

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા.૧–૧૨–૨૦૦૩ ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/૧૦૪૪૩ તા.૧–૧૨–૨૦૦૩
પ્રતિ,

સિન્ડિકેટ અને નાણાંસમિતિના સર્વે સભ્યશ્રીઓ............